# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-11-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) રાજ્ય સરકારે પાક નુકસાનથી અસરગ્રસ્ત ખેડૂતો માટે 10 હજાર કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર કર્યું.

2) રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્-ની રચનાને દોઢસો વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરમાં ઉજવણી.

3) આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું , પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં કોઈ પણ હૉસ્પિટલની ગેરરીતિ ચલાવી નહીં લેવાય.

4) રાજકોટ SOG પોલીસે બે કરોડ રૂપિયાથી વધુના પ્રતિબંધિત ઍમ્બરગ્રીસનું વેચાણ કરવા આવતા ત્રણ આરોપીને પકડ્યા.

5) પ્રખ્યાત લોક સાહિત્યકાર અને લોકકળાના રખેવાળ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવનું 85 વર્ષની વયે અવસાન.

6) ઉત્તર તરફથી આવતા પવનના કારણે આગામી દિવસોમાં મોટા ભાગના જિલ્લામાં ઠંડીની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM PATEL ON PACKAGE

રાજ્ય સરકારે પાક નુકસાનથી અસરગ્રસ્ત ખેડૂતો માટે અંદાજે 10 હજાર કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર કર્યું છે. એક વીડિયો સંદેશમાં આ અંગે માહિતી આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , રાજ્યમાં ગત બે દાયકામાં ન થયો હોય તેવો અસાધારણ કમોસમી વરસાદ થયો છે. તેના કારણે રાજ્યના વિવિધ જિલ્લાના ખેડૂતોના પાકને નુકસાન થયું છે. કુદરતી આપત્તિની આ સ્થિતિમાં ખેડૂતોની વ્યથા સમજી સરકાર તેમની સાથે છે.

(BYTE: BHUPENDRA PATEL, CM)

. . . . .

# VANDE MATARAM OVERALL

રાજ્યભરમાં આજે રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ્"ની રચનાના દોઢ સો વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયા.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કચ્છના લખપત તાલુકાના મોટી છેર ગામની બોર્ડર આઉટ પોસ્ટ ખાતે જવાનો સાથે રાષ્ટ્રગીતનું સમૂહગાન કર્યું. તેમણે જવાનો સહિત ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓ સાથે શપથ લઈને "સ્વદેશી અપનાવવા" આહવાન કર્યું.

(બાઇટ – હર્ષ સંઘવી )

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવની ભારતીય જનતા પાર્ટી દ્વારા દમણના પ્રતિષ્ઠિત દેવકા બીચ પરના "નમો પથ" પર સામૂહિક રીતે રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું. અન્ય એક કાર્યક્રમમાં ઉપસ્થિત ભારતીય સેનાના પૂર્વ અધિકારી રાજવીર સિંહે આ ઉજવણી નિમિત્તે પોતાનો પ્રતિભાવ આપ્યો.

(બાઈટ : રાજવીર સિંહ- માજી સેના અધિકારી )

ગાંધીનગરમાં કલેકટર કચેરી ખાતે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય ગીતનું સમૂહગાન અને સ્વદેશી શપથ લેવાયા. તેમણે "વંદે માતરમ્"ને આપણાં રાષ્ટ્રીય ગૌરવ, એકતા અને સ્વાભિમાનનું પ્રતિક ગણાવ્યું.

ભરૂચ, મોરબી, રાજકોટ, સાબરકાંઠાની સરકારી કચેરીઓમાં રાષ્ટ્રીય ગીત સાથે દેશપ્રેમ અને સ્વદેશી શપથ કાર્યક્રમ યોજાયા.

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના તમામ નાના-મોટા 53 મથક પરની કચેરીઓ અને ડેપોમાં પણ "વંદે માતરમ્"નું સમૂહગાન કરાયું.

અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાં યોજાયેલ એક કાર્યક્રમમાં "વંદે માતરમ્"ના સામૂહિક ગાન, સ્વદેશી શપથ ઉપરાંત તેના ઇતિહાસ અને વારસાને દર્શાવતી ટૂંકી ફિલ્મ દર્શાવાઈ.

. . . .

# CM AMBAJI GAURAV YATRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના અંબાજીથી એકતાનગર સુધીની જનજાતિય ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું , આઝાદીની લડતમાં ભગવાન બિરસા મુંડાના નેતૃત્વમાં અગ્રેસર રહેલા આદિવાસીઓને પ્રધાનમંત્રીએ અમૃતકાળના ભારતની આ વિકાસયાત્રામાં ભાગીદાર બનાવ્યા છે. રાજ્યમાં આદિજાતિઓના સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે શરૂ કરાવેલી વનબંધુ કલ્યાણ યોજના રાજ્ય સરકારે એક લાખ કરોડની જોગવાઈ સાથે વર્ષ 2025 સુધી લંબાવી હોવાનું શ્રી પટેલે ઉંમેર્યું.

ઉલ્લેખનીય છે કે , ભગવાન બિરસા મુંડાની દોઢ સો-મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે આગામી 15 નવેમ્બરથી જનજાતિય ગૌરવ વર્ષ મહોત્સવની ઉજવણી શરૂ થઈ રહી છે. તે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આજથી 13 નવેમ્બર સુધી આદિજાતિ વિસ્તારોમાં એક હજાર 378 કિલોમીટરની જનજાતિય ગૌરવ રથ યાત્રા કરાશે.

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.......

# SUPREME COURT OF INDIA - DOG

સર્વોચ્ચ અદાલતે આજે જાહેર સ્થળોને રખડતા કૂતરાઓના વધતા જતા ભયથી બચાવવા અને ધોરીમાર્ગો પરથી રખડતા પશુઓ અને અન્ય પ્રાણીઓને દૂર કરવા માર્ગદર્શિકા જાહેર કરી છે. ન્યાયામૂર્તિ વિક્રમ નાથ , સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની ખંડપીઠે આ બાબતની સ્વયં નોંધ લીધી અને દેશમાં રખડતા કૂતરાઓના સંચાલન સંબંધિત કેસની સુનાવણી કરી. સાંભળીએ એક અહેવાલ –

(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)

અદાલતે નિર્દેશ આપ્યો કે દરેક શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ, જાહેર રમતગમત સંકુલ, બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશનને રખડતા કૂતરાઓના પ્રવેશને રોકવા માટે યોગ્ય રીતે વાડ કરવામાં આવે. અદાલતે સ્થાનિક મ્યુનિસિપલ સંસ્થાઓને પશુ જન્મ નિયંત્રણ નિયમો હેઠળ આવા વિસ્તારોમાંથી નિયમિતપણે પ્રાણીઓ એકત્રિત કરવા અને જરૂરી રસીકરણ અને નસબંધી પછી તેમને નિયુક્ત આશ્રયસ્થાનોમાં મોકલવાનો પણ નિર્દેશ આપ્યો. સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને કડક પાલન કરવા નિર્દેશ આપ્યો. આ નિર્દેશનું યોગ્ય નહીં પાલન થાય તો આ અધિકારીઓ વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે. આ માર્ગદર્શિકાના અમલીકરણ માટે લેવામાં આવેલા પગલાં અંગેનો અહેવાલ આઠ અઠવાડિયામાં સર્વોચ્ચ અદાલતમાં રજૂ કરવામાં આવશે.

અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.

. . . . . . .

# PANSHERIYA ON PMJAY KAUBHAND

રાજ્ય સરકારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના – PMJAY-માં ગેરરીતિ કરતી હૉસ્પિટલ્સ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. PMJAY-ની માર્ગદર્શિકાનું પાલન ન કરનારી પંચમહાલ અને ભરૂચની ખાનગી હૉસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી છે. જ્યારે પંચમહાલ અને દાહોદની ખાનગી હૉસ્પિટલને કારણદર્શક નૉટિસ અપાઈ છે. આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું, PMJAY-માં કોઈ પ્રકારની ગેરરીતિ કે માનવતા વિરોધી બેદરકારી ચલાવી લેવાશે નહીં.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

. . . . . . . .

# SIR PROCESS SAMIKSHA

ભારતીય ચૂંટણી પંચનાં નિયામક શુભ્રા સક્સેના અને સચિવ બિનોદ કુમારે આજે ગાંધીનગરમાં બેઠક યોજી. બંને મહાનુભાવે રાજ્યમાં ચાલી રહેલા વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયાની સમીક્ષા કરી. તેમણે જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને મહાનગરપાલિકાના કમિશનર્સને S.I.R. પ્રક્રિયા વધુ સુગમ બનાવવા માર્ગદર્શન આપ્યું.

બેઠકમાં S.I.R. પ્રક્રિયાની માહિતી આપતા મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાએ કહ્યું, 27 ઑક્ટોબરની સ્થિતિએ રાજ્યમાં પાંચ કરોડ આઠ લાખ 43 હજાર 436 મતદાર નોંધાયેલા હતા. આ તમામને ઍન્યુમરૅશન ફૉર્મ એટલે કે , ગણતરી પત્રક પ્રિન્ટ કરીને અપાશે. અત્યાર સુધી એક કરોડ એક લાખ ચાર હજાર 584 જેટલા પત્રક મતદાર સુધી પહોંચાડી દેવાયા છે.

. . .

# GOVERNER

વડોદરાના વાંકાનેર ગામમાં યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનો માર્ગ અપનાવવા અનુરોધ કર્યો. આ પ્રસંગે ખેડૂતોને સંબોધતા તેમણે રાયણિક ખેતીથી થતાં ગેરલાભ અંગે માહિતી આપી. તેમજ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પાંચ આયામને વૈજ્ઞાનિક ઢબે સમજાવ્યા અને ઉત્પાદનમાં થતાં વધારા અંગે ખેડૂત તરીકેના પોતાના અનુભવ દ્વારા ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા.

....

# RAJKOT AMBERGRIS

રાજકોટ SOG પોલીસે પ્રતિબંધિત એમ્બરગ્રીસ એટલે કે , વ્હેલ માછલીની ઉલટીનું વેચાણ કરવા આવતા ત્રણ આરોપીની ધરપકડ કરી છે. સાથે જ SOGએ આરોપીઓ પાસેથી બે કરોડ રૂપિયાથી વધુની એમ્બરગ્રીસ કબજે કરી છે.
માહિતીના આધારે SOG-એ કાર્યવાહી કરી આ મામલો વનવિભાગને સોંપ્યો છે.
આ અંગે SOGના ACP ભરત બસિયાએ વધુ માહિતી આપી.

(BYTE: BHARAT BASIYA, ACP, SOG)

. . . . . .

# JORAVAR SINH JADHAV DEMISE

રાજ્યના પ્રખ્યાત લોક સાહિત્યકાર અને લોકકળાના રખેવાળ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવનું આજે 85 વર્ષની વયે અવસાન થયું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી જાદવને શ્રદ્ધાંજલિ આપી છે.

અમદાવાદમાં ધંધૂકા તાલુકાના આકરુ ગામે જન્મેલા શ્રી જોરાવરસિંહ જાદવે લોકસાહિત્ય, લોકકળા અને લોકસંસ્કૃતિ પર 90થી વધુ પુસ્તકોનું લેખન અને સંપાદન કર્યું છે. લોક કળાના પ્રચાર-પ્રસાર માટે તેમણે વર્ષ 1978માં ગુજરાત લોકકળા ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. આ ઉપરાંત , તેઓ રાષ્ટ્રીય સંગીત નાટક અકાદમીના ઉપાધ્યક્ષ પણ હતા. તેમના અવસાનથી ગુજરાતનાં લોક કળા અને સાહિત્ય ક્ષેત્રમાં શોકની લાગણી પ્રસરી છે.

તાજેતરમાં જોરાવરસિંહ તેમના વતનમાં શરૂ કરાયેલ મ્યુઝિયમ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે,

(બાઈટ – જોરાવર સિંહ જાધવ)

. . . . . . . . .

# WEATHER UPDATE

રાજ્યમાં આગામી દિવસોમાં ઠંડીની આગાહી છે. હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું , પવનની દિશા ઉત્તર-પૂર્વથી પૂર્વની થતાં ઠંડીનો અનુભવ થશે. જ્યારે ઉત્તર તરફથી પવન આવતા મોટા ભાગના જિલ્લામાં તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ ઘટી શકે છે.

. . . . . . . .